# વડા પ્રધાનની બેલ્જિયમના વડા પ્રધાન સાથે વાતચીત

26 માર્ચ, 2024

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે બેલ્જિયમના વડા પ્રધાન મહામહિમ શ્રી એલેક્ઝાન્ડર ડી ક્રૂ સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

વડા પ્રધાને બ્રસેલ્સમાં તાજેતરમાં યોજાયેલી પ્રથમ પરમાણુ ઉર્જા સમિટની સફળ યજમાની બદલ વડા પ્રધાન ડી ક્રૂને અભિનંદન પાઠવ્યા હતા.

બંને નેતાઓએ ભારત અને બેલ્જિયમ વચ્ચેના શ્રેષ્ઠ સંબંધોની સમીક્ષા કરી હતી. તેમણે વેપાર, રોકાણ, સ્વચ્છ ટેક્નોલોજી, સેમિકન્ડક્ટર્સ, ફાર્માસ્યુટિકલ્સ, ગ્રીન હાઇડ્રોજન, આઇટી, સંરક્ષણ, બંદરો સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી.

બંને નેતાઓએ યુરોપિયન યુનિયનની કાઉન્સિલની ચાલી રહેલી બેલ્જિયન પ્રેસિડેન્સી હેઠળ ભારત - EU વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી.

તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોની આપ-લે કરી. તેઓ પશ્ચિમ એશિયા ક્ષેત્ર અને રશિયા-યુક્રેન સંઘર્ષ ક્ષેત્રોમાં વહેલી તકે શાંતિ અને સુરક્ષા ફરીથી સ્થપાય તે માટે સહયોગ અને ટેકો વધારવાની જરૂરિયાત પર સંમત થયા હતા.

બંને નેતાઓ સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**26 માર્ચ, 2024**